ટપક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૫

અંક : ૮

## જૈવિક વિવિધતા

આ પૃથ્વી પર અનોખું જૈવિક વૈવિધ્ય જોવા મળે છે. મનુષ્ય આ જૈવિક વિવિધતાનો એક અંશ માત્ર છે. જૈવિક વિવિધતામાં પક્ષીઓ, પ્રાણીઓ, દરિયાઈ જીવો, વિવિધ પ્રકારની વનસ્પતિઓ, વૃક્ષો, ઔષધીઓ વગેરેનો કુદરતી સંપતિમાં સમાવેશ થાય છે. આપણી પાસે આ જૈવિક વિવિધતાનો અમુલ્ય ખજાનો છે. પરંતુ તેની જાળવણી અંગે પુરતી જાગૃતિ નથી. પરિણામે જૈવિક વિવિધતા ઘટવા તરફ આગળ વધી રહી છે. ઘટતી જૈવિક વિવિધતાની જાળવણી અંગે વૈશ્વિક સ્તરે ૧૯૯૨થી ચાલતા પ્રયાસોમાં કન્વેન્શન ઓફ બાયોડાયવર્સીટી પર કરાર થયા જેમાં જૈવિક વિવિધતાની જાળવણી તથા તેના ઘટકોનો સાતત્યપુર્ણ ઉપયોગ અને તેનાથી મળતા લાભોની ન્યાયપૂર્ણ અને સપ્રમાણ વહેચણી કરવી તે મુખ્ય હેતુ હતો. ૧૯૯૪ થી ભારત પણ આ કન્વેન્શનમાં જોડાયું.

દેશના જૈવિક સંસાધનોની પ્રાપ્તિ અંગે નિયમન, જૈવિક વિવિધતાનું સંરક્ષણ વિવિધ કમિટીઓની રચના અને મોનીટરીંગ કરવું અને જૈવિક વિવિધતાના સ્ત્રોતોના ઉપયોગ માટે ભારત સરકારે બાયોલોજીકલ ડાયવર્સિટી એકટ ૨૦૦૨ અને બાયોલોજીકલ ડાયવર્સિટી રૂલ્સ ૨૦૦૪ બનાવ્યા. જેની કલમ ૨૨ હેઠળ રાજય સરકારે ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડની રચના ૨૦૦૬માં કરી. તે જૈવિક સંસાધનોના વાણિજય ઉપયોગ, જૈવિક વિવિધતાના સંરક્ષણ, મોજણી અને જૈવિક ઉપયોગિતા માટેની પ્રક્રિયાનું નિયમન કરે છે.

કૃષક જમીનની જાતોનુ રક્ષણ, પાલતુ પશુધન, પ્રાણીઓની નસલો વિગેરે બાબતોમાં સ્થાનિક કક્ષાએ લોકોની સામેલગીરી માટે સ્થાનિક

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ, સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફટ થી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનાં નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો તેથી અન્ય લોકો તે વિશે માહીતગાર બનશે.

**આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારુ છે.**

પંચાયતની પસંદગીથી ૭ સભ્યોની બાયોડાયવર્સીટી મેનેજમેંટ કમિટીની રચના કરવાની હોય છે. લોકોની જાણકારીને ઉપયોગમાં લઈ પીપલ્સ બાયોડાયવર્સિટી રજીસ્ટર (પીબીઆર) તૈયાર કરી તેની નિભાવણીની જવાબદારી આ કમીટીની છે. તેઓ જૈવિક વૈવિધ્ય સ્ત્રોતોના ઉપયોગ અને નિયમન કરશે. સ્થાનિક લોકોનું જીવન ધોરણ ઉચુ લાવવા માટે કૃષિ, પશુપાલન, મત્સ્યોદ્યોગ, વનો અને જાહેર સ્વાસ્થ્ય વગેરે સંલગ્ન જ્ઞાન આધારિત વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપવું, વિવિધ સ્ત્રોતોનું સંરક્ષણ અને મુલ્ય વૃધ્ધિ કરવી જેવી વગેરે પ્રવૃતિઓ કરે છે.

આ સંસ્થા હાલમાં દરિયા કાંઠાના ૧૫ જેટલા ગામોમાં વૈવિધ્યસભર ખેતીના પ્રયોગો દ્વારા ખારાશ પર નિયંત્રણ લાવવાના પ્રયાસો સાથે સંકળાયેલી છે. દરેક ગામમાં ખેડુતોના નાના સમૂહોની રચના થયેલ છે જેમાં ઉપર મુજબની બાબતોને સાંકળીને ચર્ચા કરવામાં આવે છે. આ ઉપરાંત સંસ્થા ભૂગર્ભજળનું સંતુલન બની રહે તે માટે ખેડૂતો સરળતાથી સુક્ષ્મ પિયત પધ્ધતિ વસાવી શકે અને નિયમિત પણે તેનો ઉપયોગ થાય તે હેતુથી જાફરાબાદ તાલુકામાં કર્મયોગી ઈરીગેશનના નામે એક એન્ટરપ્રીનીયોર તૈયાર કર્યા છે.

ખેતી આધારિત જૈવિક વિવિધતાની તાલીમો તથા મીટીગોમાં ચર્ચા થતી હતી પરંતુ શ્રી સુરેશભાઈ ગોહીલ તથા ભરતભાઈ વાળાની બાયોડાયવર્સીટી બોર્ડની મલાકાત બાદ વધુ સ્પષ્ટતાઓ સાથે બાયોડાયવર્સીટી મેનેજમેંટ કમિટીની તથા પીબીઆરની સંસ્થાની ટીમના સભ્યો સાથે વાત થઈ. તમામ સભ્યોએ આ બાબત ખૂબજ અગત્યની હોવા અને તેનો આપણા કાર્ય વિસ્તારમાં અમલ કરવા સ્વીકાર્યુ હતુ. આ બાબતને આગામી કાર્યઆયોજનમાં સમાવી શકાય તેમ નકકી કરેલ છે. અગાઉ સંસ્થા દ્વારા બાયોડાયવર્સીટી પર ખેડૂતોમાં જાગૃતિ લાવવા ખેડૂતો માટેના એક બાયોડાયવર્સીટી સેમીનારનુ અયોજન રાષ્ટ્રિય પર્યાવરણ જાગૃતિ અભિયાનના ભાગરુપે કરવામાં આવ્યુ હતુ.

પીબીઆર જૈવિક વિવિધતાનુ દસ્તાવેજીકરણ છે. તે લોક ભાગીદારીની એવી પ્રક્રિયા છે કે જેમાં લોકો સાથે ઉંડી અને વિસ્તૃત ચર્ચાઓ અને સલાહો દ્વારા કામગીરી કરવામાં આવે છે. તે ખેતી માટે પણ ઉપયોગી છે. લોકોને તેમના પાક વિશે જાણકારી માટે પણ મદદરૂપ થાય છે. આમ પીબીઆર કાયદાકીય મંચ પર માહિતી માટેનો ખૂબ જ અગત્યનો અને પાયાનો દસ્તાવેજ છે. આ દસ્તાવેજ જૈવિક સંસાધનોના વ્યવસ્થાપનમાં ખૂબ જ ઉપયોગી સાધન બની શકે છે.

**સંકલન : સાજીત રાઠોડ**

**કરેલો યજ્ઞ, પડેલો વરસાદ અને મેળવેલી વિદ્યા કદી નિષ્ફળ જતાં નથી.**

## જાણવા જેવું :

- માનવીના જીવન પર ગ્રહોની અસર થાય છે. તેવું સૌપ્રથમ ખાલ્ડિયન લોકોએ શોધી કાઢયું
- વિશ્વનો સૌપ્રથમ કાયદા ઘડનાર રાજા તરીકે બેબિલોનનો રાજા હમ્મુરાબી પ્રખ્યાત હતો.
- ન્સુમેરિયન સંસ્કૃતિના લોકોએ દુનિયામાં સૌ પ્રથમ ઘઉંની ખેતી કરી હોવાનું મનાય છે.
- સુમેરનું ભનેવા પુસ્તકાલય એશિયાનું સૌ પ્રથમ પુસ્તકાલય હોવાનું મનાય છે.
- ગ્રીક લોકો ઝુલતા બગીચાને દુનિયાની સાત અજાયબીઓમાંની એક ગણતા હતા.
- ચીનની મહાન દિવાલ સમ્રાટ શી – હવાંગ – ટી એ બંધાવી હતી.
- સૌથી જૂનો વેદ ઋગ્વેદ છે.
- દુનિયામાં સૌ પ્રથમ ટપાલ પધ્ધતિ ઈરાની સમ્રાટ દરાયસ પહેલા એ શરૂ કરી હતી.
- દુનિયામાં પૃથ્વીની સૌ પ્રથમ પ્રદક્ષિણા કરનાર મેગેલન હતો.
- સસલું ઉંચાઈ પર ચડતી વખતે એક જ વખતે ચાર મીટર સુધીનો ઉંચો કૂદકો મારે છે.
- દુનિયામાં સૌથી સાંકડી ગલીઓ પૂર્વ આફ્રિકામાં આવેલા ઝાંઝીયાબારમાં છે.
- પહેલી પ્રેકિટકલ બાઈકની શોધ ૧૮૮૫ માં જર્મન સંશોધક ગોટલિએબ ડેમલરના ફાળે જાય છે.
- જહોન ગ્લેન પહેલા અમેરિકન હતા જેમણે પૃથ્વીની પરિક્રમા કરી હતી.
- પ્રાચીન સમયમાં લોકો ચોકલેટ ખાતા નહોતા પણ પીતા હતા.
- જાપાનનુ મોટામાં મોટુ બંદર ઓસાકા છે.
- માણસ તેણે જોયેલા સપનાઓમાથી ૯૦ ટકા તો ભુલી જતો હોય છે.
- માચીસની સૌથી પહેલી ફેકટરી સ્વીડનમાં શરૂ થઈ હતી.

## ***Truth about Life***

- The God did not revel, from the beginning all things to us, but in the Course of time.
- Through Seeking - We may learn and Know things better But as for Certain truth, no man has Know it.
- Nor Will he Know it neither of the god nor yet of all the things of which I speak.
- And Even if by chance he were to uttoe the perfect truth he would himself not know it, For all is but a Woven web of Guesses.
- All you know is what you think you know, but that isn't always what's real.

**સંકલન : સાજીત રાઠોડ**

**ઈર્ષા આંધળી હોય છે, તે સત્યને ભાગ્યે જ જોઈ શકતી હોય છે.**

## કાર્યશાળા– ખેડુત સંગઠન રચના

જાફરાબાદ અને ઉના તાલુકાના ૧૫ ગામોમાં ખેડૂતો દ્વારા ચાલતા નિરંતર અને વૈવિધ્ય સભર ખેતીના પ્રયોગોમાં સરકારશ્રીના સંલગ્ન વિભાગો, નાબાર્ડ, આત્મા પ્રોજેક્ટ વિગેરેના સંકલનમાં રહી ખેતી આધારીત જાણકારીની આપલે તેમજ બજાર વ્યવસ્થા સાથે સંકલન સાધવાનો પ્રયાસ કરી રહયા છે. આ સંજોગોમાં ખેડૂતો નાના સમૂહમાં એકત્ર થઈ ખેડૂત સંગઠનો બનાવે તે માટે તા. ૯ અને ૧૦ ઓગષ્ટ દરમ્યાન ટીંબી મુકામે એક કાર્યશાળા યોજાઈ. જેમાં ૧૯૫૦ –૬૦ ના દાયકાની ખેતી અને આજની ખેતીની સરખામણી કરવામાં આવી. કાર્યશાળામાં ઉપસ્થિત ખેડૂતોએ



ચર્ચાના અંતે જાણ્યુ કે આજે ઉત્પાદન વધુ લઈએ છીએ પરંતુ ખર્ચ પણ વધુ કરીએ છીએ એટલે પહેલાની ખેતી કરતા આજે વધુ કમાઈએ છીએ તે માન્યતા ખોટી ઠરી. આ ઉપરાંત તેમણે સ્વીકાર્યુ કે પહેલા આપણે ખેતીના વ્યવસાયના માલિક હતા આજે મજુર છીએ. આ પરિસ્થિતિનુ નિર્માણ કઈ રીતે થયુ અને પહેલાના જેવી અથવા તેનાથી પણ સારી પરિસ્થિતિનુ નિર્માણ કરી શકાય કે કેમ અને તે માટે આપણી તૈયારી હોય તો આપણે સંગઠીત થઈને આ કાર્યમાં આગળ વધી શકાય તેવી શકયતા છે કેમ ? તે ચકાસવા શ્રી ભીમસીભાઈ આહિરએ વિવિધ કવાયતો હાથ ધરી હતી. ખેડૂતો

**બુરાઈ કરવાના અવસર ઘણી વખત આવે છે, પરંતુ ભલાઈની તક ફકત એક જ વાર.**

રસ પૂર્વક ભાગ લઈ રહયા હતા. કાર્યશાળાના અંતે નીચેની બાબતો પ્રતિભાગીઓને સમજાઈ હતી. જેને લઈને બધા ગામના પ્રતિનિધિઓ સંગઠન બનાવવા સંમત થયા હતા. હાલમાં થોડા સંગઠન બનેલા છે જે આત્મા કે નાબાર્ડ સાથે લીંક થયા છે તેમની પ્રવૃતીઓમાં સામેલ થયા છે જે પૈકી અમુક ખેડૂતો આગામી માસમાં પ્રેરણા પ્રવાસમાં પણ જોડાઈ રહયા છે.

ખેડૂતને હંમેશા સાચી માહિતી, નવી ટેકનોલોજી, નવા બિયારણો, સહેલાઈથી અને ઓછા વ્યાજે ધિરાણ, ખરીદી વેચાણની સેવા અને બજારની સતત માહિતી ખેડૂતોને મળી રહે છે. આ ઉપરાંત ખેડૂત જૂથો દ્વારા  જોખમો ટળે છે અને બજારના જોખમોમાં પણ રાહત મળે છે.



કાર્યશાળાનો આરંભ સંસ્થા પરિચય તથા ખારાશ વિસ્તારોત્થાન યોજનાની જાણકારીથી કર્યો હતો ત્યાર બાદે સુક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવીને વધુ પાકનું ઉત્પાદન કરી શકે અને જરૂર પુરતુ પાણીને ઉપયોગમાં લઈને પાણી બચાવ કરવા માટેની એક ચલચિત્ર બતાવવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યશાળા દરમ્યાન સંચાલકશ્રી ધીરૂભાઈ તથા ટીમના સભ્યો સુરેશભાઈ, કૌશિકભાઈ, અશોકભાઈ, વિપુલભાઈ, ભુપતભાઈ, રામકુભાઈ, ભરતભાઈ, દયાબેન, ડાયાભાઈ, વિજયાબેન, દિનેશભાઈ તથા રાજેશભાઈએ ઉપસ્થિત રહી કાર્યશાળામાં ભાગ લીધો હતો.

**પોતાની અજ્ઞાનતાનો અનુભવ જ બુધ્ધિમતાના મંદિરનુ પ્રથમ સોપાન છે.**

## પ્રરક : પૈસા ખાતર જૂઠું નહી બોલું

ઈરાન દેશની આ વાત છે. સૈયદ અબ્દુલ કાદિર નામનો એક છોકરો બહુ ગરીબ હતો. પિતા તો નાનો હતો ત્યારે જ મરી ગયેલા. તેની માતાએ તેને મહેનત–મજૂરી કરી ઉછેર્યો હતો.

કાદિરને ભણવાની બહુ ઈચ્છા. તેને વિદ્વાન બનવું હતું પણ તેનું ગામ તો નાનું. ભણતરની સગવડ નહીં. ભણવા માટે દૂર બગદાદ શહેરમાં જવું પડે. તેની માતા એટલા પૈસા કયાંથી લાવે ? વળી, તે જમાનામાં ન રેલ્વે હતી, ન બસ, ન મોટરો. વેપારીઓ ઉંટોને ખચ્ચરો પર માલસામાન લાદીને એક જગ્યાએથી બીજી જગ્યાએ જતા. તેની માતા એ ગમે તેમ કરી આવી એક વણજાર સાથે કાદિરને બગદાદ મોકલ્યો. જતી વખતે દીકરાને ૪૦ અશરફીઓ આપી અને કહ્યું: બેટા મારી પાસે આટલા જ પૈસા છે. બહુ કરકસરથી રહેજે અને કદી જૂઠું ન બોલતો. અલ્લાહ ભારે દયાળુ છે. એ તારી સંભાળ લેશે.

હવે બન્યું એવું કે રસ્તામાં ડાકુઓએ આ વેપારીઓ ઉપર હુમલો કર્યો અને લૂંટી લીધા. કાદિરનાં ફાટયાં તૂટયાં ને મેલાંઘેલા કપડા જોઈ ડાકુઓને થયું કે આની પાસે શું હશે? એટલે તેને એમનેમ જ છોડીને જતા રહયા. તેવામાં એક ડાકુએ પૂછયું: એ ય છોકરા ! તારી પાસેય કાંઈ માલમતા છે કે ? કાદિર કહે : જી હા મારી પાસે ૪૦ અશરફી છે. ડાકુને થયું કે આપણી મજાક કરે છે. એટલે ડાકુઓ ચિડાયા, બદમાશ ! અમારી મશ્કરી કરે છે ? જી નહીં એમ કહી કાદિરે તો ૪૦ અશરફી કાઢીને બતાવી. ડાકુઓ અવાક થઈ ગયા. એમના સરદારે કાદિરને પૂછયું : કેમ બેટા, તને ખબર તો હતી કે અમે લૂટારા છીએ અને તારી આ અશરફીઓ લૂંટી જઈશું, છતાં તે આવું કેમ કર્યુ ? કાદિર બોલ્યો: મારી માએ મને કહયું છે કે ગમે તેટલી મુશ્કેલી પડે છતાં કદી જૂઠું ન બોલવું. તો શું હું આટલી અમથી અશરફી બચાવવા ખાતર જૂઠું બોલું ? અલ્લાહ ભારે દયાવાન છે. એ મારી સંભાળ લેશે !

ડાકુઓના દિલને ધક્કો લાગ્યો : ધન્ય છે આ છોકરો ! કેટલો નેક ને ઈમાનદાર ! જયારે આપણે તો નિર્દોષને સતાવીએ છીએ. છી...છી...છી ! એમની આંખ ખુલી એમને પસ્તાવો થયો. એમણે કાદિરની બધી અશરફી પાછી આપી અને વેપારીઓને પણ એમનો બધો માલસામાન પાછો સોપ્યોં. એટલું જ નહી. એમનું એટલું બધું હ્રદયપરિવર્તન થઈ ગયું કે એમણે ત્યારથી ડાકુનો ધંધો જ છોડયો. સચ્ચાઈભર્યા વર્તનની આવી અદ્દભૂત અસર થતી હોય છે જેનો બોધ આ કથામાં દર્શાવવામાં આવ્યો છે.

***સંકલન : સાજીત રાઠોડ***

***કોઈકની મહેરબાની માગવી એટલે સ્વતંત્રતા વેચવી.***

**સફળ વ્યકિત :**

સફળ વ્યકિત હંમેશા કોઈપણ સમસ્યાના નિરાકરણની શોધમાં રહેતી હોય છે.

સફળ માણસો કોઈપણ કાર્ય પાર પાડવા માટે પોતાનું સમયપત્રક બનાવે છે.

સફળ લોકો હંમેશા કહેતા હોય છે કે ચાલો તમારૂ આ કામ હું કરી આપું.

સફળ લોકો પાસે દરેક સમસ્યાનું નિરાકરણ હોય છે.

સફળ લોકો હંમેશા એમ કહેતા હોય છે કે એ કદાચ થોડું મુશ્કેલ હશે. પણ શકય તો છે જ.

સફળ વ્યકિત જયારે ભૂલ કરે છે ત્યારે કહે છે કે એ ભૂલ મારી હતી.

સફળ વ્યકિત વચનથી બંધાય છે.

સફળ વ્યકિતઓ સ્વપ્ન જુએ છે.

સફળ લોકો એમ માનતા હોય છે કે મારે કાંઈક કરવું જ જોઈએ.

સફળ લોકો નિશ્ચિત ઘ્યેય સાથે કામ કરતા સંગઠનનાં સભ્ય હોય છે.

સફળ લોકો હંમેશા નજર સમક્ષની સફળતાને કારણે મળનારી કીર્તિ તરફ લક્ષ્ય કેન્દ્રીત કરે છે.

તેઓ હંમેશા વર્તમાનમાં જ રહીને કાર્ય કરે છે.

તેઓ કદી બહાના શોધતા નથી કે બતાવતા નથી.

તેઓનુ ઘ્યાન હંમેશા પોતાના સામર્થ્ય અને ક્ષમતા પર હોય છે.

**નિષ્ફળ વ્યકિત :**

નિષ્ફળ લોકો હંમેશા સમસ્યા શોધવામાં વ્યસ્ત રહેતા હોય છે.

નિષ્ફળ લોકો પાસે એ કામ પાર પાડવાને બદલે કાલ ઉપર ટાળવાનાં અનેક બહાના હોય છે.

નિષ્ફળ લોકો એક જ વાત કહેતા હોય છે કે આ મારૂ કામ નથી.

નિષ્ફળ લોકો નિરાકરણમાંથી નવી સમસ્યા શોધી કાઢતા હોય છે.

નિષ્ફળ લોકો એમ કહેતા હોય છે કે એ કદાચ શકય હશે પણ ખૂબ જ મુશ્કેલ છે.

જયારે નિષ્ફળ માણસો ભૂલ કરે છે ત્યારે એમ કહે છે કે એ ભૂલ મારી ન હતી.

નિષ્ફળ માણસો માત્ર વાયદાઓ કર્યે રાખે છે.

નિષ્ફળ વ્યકિતઓ પાસે માત્ર હવાઈ કિલ્લારૂપી યોજનાઓ હોય છે.

નિષ્ફળ લોકો એમ માનતા હોય છે કે કાંઈક તો થવું જ જોઈએ.

નિષ્ફળ લોકો સંગઠનનાં સભ્યોનાં ભાગલા પાડતા હોય છે.

નિષ્ફળ લોકો એ કીર્તિ પ્રાપ્ત કરવા માટે પડતા કષ્ટનો વિચાર કરી હિંમત હારી જતા હોય છે.

તેઓ નકારાત્મક લાગણી અને વલણ ધરાવે છે.

**સંકલન : પ્રતિભા મારૂ**

***સિધ્ધિની સીડી ચડવા માટે સાહસ એ પ્રથમ પગથિયુ છે.***

**Happy Birthday**

| | | |
|---|---|---|
| 1 | Bharat J Vala | 20-09-1985 |
| 2 | Daya A Jadav | 29-09-1991 |
| 3 | Hari N Chauhan | 02-09-1974 |
| 4 | Krupa J Nimavat | 29-09-1985 |
| 5 | Nidhi D Bhuptani | 30-09-1984 |
| 6 | Premila A Pathak | 29-09-1952 |
| 7 | Shailesh P Shukal | 30-09-1974 |
| 8 | Sonal A Pathak | 05-09-1978 |

**Engage on this month**

9 Team Meeting At Timbi

9-10 Farmer Workshop for Group formation

12-13 Training on IPM and IDM for Kharif Crops At (AKRSP)- Sayala

14 SHG Workshop on MIS, Book-keeping and Accounting, At A'bad

16 State level Meeting of Ekalnari Shakti Manch Gujarat-Ahmedabad

17 Meeting for Child Right At Ahmedabad

23-26 Farmer Training for Seed village Scheme At Khambha

22-25 ASER Training-Ahmedabad

30 FVTRS Workshop- Ahmedabad

SHG Trainings on Leadership & Book Keeping; 1-2 Vankaner, 5-6 Upleta, 13-14 Kotda Sangani

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMR-91/RNP/2012**
**Valid Upto 31/12/2014**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SSKK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***વ્યવહાર નથી બદલાતા સંજોગો બદલાય છે, માણસ નથી બદલાતા ખાલી તેમના અભિગમ બદલાય છે.***